કાલોલના મહેરબાન એડિશનલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ

સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. કાલોલ

ફોજદારી કેશ નંબર: ૩૦૦/૨૦૨૬

આંક ૦૧ નીચે હુકમ

ફરીયાદી:શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી: અમિતકુમાર પ્રવિણભાઈ દલવાડી

રહે.લાલ દરવાજા,તા.કાલોલ,જી.પંચમહાલ

.....

ચાર્જ: – એમ.વી.એકટ કલમ–૧૮૫, ૩, ૧૮૧,ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ:૬૬(૧)(બી) મુજ બ

.....

–::ઠ રા વ ::–

૧) ફરીયાદ પક્ષના કેસનુ ટુકમાં હકીકત એવી છે કે, આરોપીએ તારીખ: ૨૭/૧૨/૨૦૨૫ ના કલાક:૧૨/૩૦ વાગ્યે મોજે એમ.જી.એસ ગરનાળા તા.કાલોલ જગ્યાએ આ કામના આરોપીએ પ્રોહી.પ્રતિબંધક એરીયામાં દારૂ જેવા કેફી પીણાનો નશો કરેલ હાલતમાં મોટર સાઈકલ જેનો રજી.નં. જીજે–૧૭–સી.જી..૩૧૯૪ ને રોડ ઉપર વાંકી ચુંકી ચલાવી લઈ આવી આરોપીએ ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ:૬૬(૧)(બી) તથા એમ.વી. એકટ કલમ–૧૮૫, ૩, ૧૮૧ મુજબનો શીકક્ષાપાત્ર ગુન્હો કરેલ છે.જે મતલબની ફરીયાદીએ એ વેજલપુર / કાલોલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા જરૂરી તપાસના અંતે આરોપી વિરૂધ્ધનુ તપાસ કરનાર અમલદારે નામ.કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

૨) આ કામના આરોપીને સમક્ષ કરતા અને તેની બજવણી થતા આરોપી આજરોજ સ્પેશ્યીલ સીટીંગમાં હાજર રહી નામ.કોર્ટ રૂબરૂ તેઓના વિ.વ.શ્રી. મારફતે હાજર થઈ પોતાનો ગુન્હો પુરશીસ રજુ કરી સ્વૈચ્છીક રીતે કબુલ કરેલ છે અને વધુમાં જણાવે છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે.તેઓ કુટબ કબીલાવાળા અને ગરીબ વર્ગના માણસ છે. અને મજુરી કરીને તેઓના કુટબનું ગુજરાન ચલાવે છે.જેથી રહેમ રાખી દયાની માગણી કરેલ છે.

૩) આ કામે આરોપી સામે જે પ્રકારનો ગુન્હો નોધાયેલ છે તે જોવામાં આવેતો ગુજરાત નશાબંધી

અધિનિયમની કલમ:૬૬(૧)(બી),એમ.વી.એકટ કલમ–૧૮૫ મુજબનો ગુન્હો નોધાયેલ છે. અને તે ગુનાની મહત્મ તથા લઘુત્મ સજાની જોગવાઈ ધ્યાને લેતા આરોપી સામેના ગુન્હાના કામે વ્યાજબી કારણ હોય ત્યારે કાયદામાં પ્રસ્થાપીત કરવામાં આવેલ સજા કરતા ઓછી સજા કરી શકાશે. આ કામ આરોપી ગરીબ અને મજુરીયાત વર્ગના ઈસમ હોઈ અને તેઓએ તેમની કશુર સ્વચ્છાએ સ્વીકરી ભવીષ્યમાં આ પ્રકારે ગુન્હો નહી કરવા ખાતરી આપેલ છે. આ કામે આરોપી સામે અગાઉ પ્રથમ ગુન્હો પુરવાર થયેલ હોય અને હાલનો ગુન્હો બીજો હોય તે બાબતે કોઈ હકીકત ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર રજુ થયેલ નથી તે સંજોગોમાં આરોપીની સ્વૈચ્છીક કબુલાત પુરસીસ તેમજ આરોપીની આર્થીક સામાજીકસ્થિતી વિગેરે ધ્યાને લેતા આરોપી સંબંધીત ખાસ અને પુરતા કારણો જણાય એથી તેને કાયદાથી ઠરાવેલ લઘુતમ સજા અને દંડ કરતા ઓછી સજા અને દંડ નામ.કોર્ટ કરી શકે છે.તેવુ નામ.ગુજરાત હાઈકોર્ટ (૨૦૦૫)(૧) જી.એલ.આર.પાનં.૭૦૯,સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદજી ઠાકોર તેમજ (૨૦૧૫) (૩૮) જી.એચ.જે.૩૫૪,સ્ટેટ ઓફ ગુજરાત વિ. રાજેશકુમાર રતનલાલ સીંધી અને બીજાઓના ચુકાદાઓમાં ઠરાવેલ છે. આ સંજોગોને લક્ષમાં રાખતા આરોપીને કઠોર સજા ન કરતા હાલની સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાસે તેમ જણાતા ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>હુકમ</u>

૧. આ કામના આરોપી નામ:અમિતકુમાર પ્રવિણભાઈ દલવાડી રહે.લાલ દરવાજા,તા.કાલોલ, જી.પંચમહાલ ને બી.એન.એસ.એસ.૨૬૪ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ:૬૬(૧)(બી), એમ.વી.એકટ કલમ–૧૮૫, ૩, ૧૮૧ મુજબના શીક્ષાને પાત્ર ગુન્હા બદલ તકસીરવાન ઠરાવી, અદાલાત ઉઠતા સુધીની સજા તથા રૂા.૧૫૦૦/– (અંકે રૂપિયા પંદરસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૦૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

સ્થળ : કાલોલ
તારીખ: ૧૪.૦૩.૨૦૨૬.

(એસ.એસ.પટેલ)
એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
કાલોલ (જીજે.૦૧૨૫૪)